# SAMVAD E-JOURNAL

**ISSN (Online) :2583-8334**

**(International Peer-Reviewed Refereed Journal)**

**Volume 3, Issue-3, April-May-June : 2025**

**Published by Rangmati Publication** **https://www.rangmatipublication.com/**


## કવિ કાન્તના ખંડકાવ્યોમાં આયૂરની


*પ્રતીક્ષા એસ. મોરી*


ગુજરાતી ખંડકાવ્યના નવાં નવાં અર્થઘટનો 'આય્રની'ના અભ્યાસીઓને હંમેશાં નિમંત્રણ આપી રહ્યાં છે. કાન્તના ખંડકાવ્યમાં જગત, માનવી અને નિયતિ વચ્ચેની વિસંગતિ આય્રનીનો જન્મ આપે છે. કાન્ત પાસેથી થોડાં છતાં સત્વશીલ ખંડકાવ્યો મળે છે. જેથી સાહિત્ય જગતમાં ચિરંજીવિતા પ્રાપ્ત કરનાર કવિઓમાં સદા સ્મરણીય છે. ગુજરાતી કવિતામાં સૌપ્રથમ ખંડકાવ્યો રચવાનો યશ કવિ કાન્તના ફાળે જાય છે. કાન્ત પાસેથી 'અતિજ્ઞાન', 'ચક્રવાકમિથુન', 'વસંતવિજય', 'રમા', 'મૃગતૃષ્ણા', 'કલ્પના અને કસ્તૂરીમૃગ' અને 'દેવયાની' જેવા ખંડકાવ્યો મળે છે. આ કાન્તના ખંડકાવ્યો સદા તાજપનો અનુભવ કરાવે છે. તેનાં રસ-રહસ્યો અપાર અને અમાપ રહ્યાં છે. તેમની શોધ ની દ્વારા મેળવી શકાય તેમ છે. તેમના ખંડકાવ્યોનો મૂળગત વિષય વિસંગતિ છે. જે Ironical dimension ઊભાં કરે છે. જેથી આય્રનીસભર પરિમાણોની ખણખોદ તેમનાં ખંડકાવ્યોમાંથી કરવાનો પ્રયત્ન કરું છું.

કાન્તના ખંડકાવ્યોમાં કોઈને કોઈ રીતે શાપનું કથાઘટક સંકળાયેલું છે. રામાયણ અને મહાભારતનો ઉદ્ભવ જ શાપમાંથી થયો છે. શાપબદ્ધ જીવન એ જ માનવનિયતિ બનીને આવે છે. 'વસંતવિજય'માં, તો શાપ એ જ મનુષ્યની અસહાય સ્થિતિનું આવું તીવ્ર ભાન એ જ નિષ્ફળ જ્ઞાન. એટલે 'અતિજ્ઞાન'. આમ, કાન્તના ખંડકાવ્યોના મૂળમાં રહેલું ખ્યાત કથાવસ્તુ જ માનવ અસ્તિતત્વના મૂળભૂત સંઘર્ષને વ્યકત કરે તેવું સક્ષમ છે. કાન્ત આપણી સાહિત્ય પરંપરામાંથી એ શોધી લાવે છે અને તેનું નવસર્જન કરે છે. જગત, જગદીશ અને જગતની રચના કે વ્યવસ્થાની સતત શોધવૃત્તિ કાન્તના ખંડકાવ્યોમાં જણાય છે. કાન્ત ઈશ્વરને પ્રેમસ્વરૂપે જુએ છે. આમ છતાં પ્રેમ પણ છેવટે જીવનમાં દુ:ખદાયક બની રહે છે. એ વાત કાન્તના બધાં ખંડકાવ્યોમાં પડઘાય છે. કાન્તના ખંડકાવ્યો વિશે વિવેચકોએ સઘન અને ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો છે. એમાં ભાગ્યે જ કશુંક ઉમેરી શકાય. તેમ છતાં 'આય્રની' વિશે વિચાર રજૂ કરું છું. જેમ કાન્તના ખંડકાવ્યમાં મોટિફ શાપ છે, તેમ 'આય્રની' પણ તેના ખંડકાવ્યમાં પડેલી છે. જે 'આય્રની' કાવ્યને કટોકટી (Crisis) અને ચરમસીમા (Claims) તરફ દોરી જાય છે. જે મારા અભ્યાસનો વિષય છે. આ ઉપરાંત કાન્તના ખંડકાવ્યોની ધ્વનિ, અર્થ, અલંકાર, છંદ અને રચનારીતિ આદિ વિશે પણ શોધખોળ થઈ શકે એમ છે.

અર્વાચીન ગુજરાતી ખંડકાવ્યની પ્રથમ ઈંટ કવિ કાન્તે મૂકી છે. 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહમાં કાન્તના સાત ખંડકાવ્યો મળ્યાં છે. ખંડકાવ્યના પ્રથમ ઉદ્ગાતા કાન્ત છે, ને ઉત્તમ ખંડકાવ્યો પણ કાન્તના જ છે. આ અંગે ડૉ.સુસ્મિતા મ્હેક નોંધે છે : ''ગુજરાતી ખંડકાવ્યના પ્રથમ પુરસ્કર્તા પણ કાન્ત ને ઉત્તમ પુરસ્કર્તા પણ કાન્ત. કાન્ત એટલે ખંડકાવ્યો અને ખંડકાવ્યો એટલે કાન્ત.'' તો કવિ સુંદરમ્ નોંધે છે : ''કાન્તની કવિતામાં નૂતન જીવનનું નૂતનશૈલીમાં પહેલીવાર કળાયુકત સર્જન થાય છે.'' આ વિધાન ઘણું યથાર્થ લાગે છે. કાન્ત સાચા અર્થમાં ભાવ, ભાવપ્રકટન, શબ્દાર્થનું સૌન્દર્ય અને સમગ્ર સંયોજનમાં નવ્ય કાવ્યરુચિ પ્રગટાવી પોતીકું ને મૌલિક સર્જન કરે છે.

કાન્તના ખંડકાવ્યનો આરંભ 'નભ શૂન્ય ભાસે', 'ઝાંખી દિશા', 'કરાલ રાત' અને 'ઘોર અંધકાર' દ્વારા ભાવિ અનિષ્ટનો અંગૂલીનિર્દેશ કરે છે. પ્રકૃતિ ચિત્રણ દ્વારા ભાવિ ઘટનાની કલાત્મક પીઠિકા રચી આપી છે. દુર્યોધન દ્વારા મોકલેલ દૂતનો દ્યૂત રમવાનો ધર્મરાજા યુધિષ્ઠિરે સ્વીકાર કર્યો. ભીમ, અર્જુન, નકુલને બોલાવી આ અંગે મસલત કરી, નાનો ગણી સહદેવને ન બોલાવ્યો, આમ, સહદેવની થતી વિડંબના-ઉપેક્ષા આ ખંડકાવ્યમાં નાટ્યાત્મક 'ની' સર્જે છે.

કાન્તના ખંડકાવ્યોમાં 'વસંતવિજય' સર્વાંગસુંદર કાવ્ય છે. ગુજરાતી ખંડકાવ્યોમાં સૌથી ઉત્તમ અને બેનમૂન-અદ્વિતીય કલાકૃતિ છે. આ ખંડકાવ્યમાં ખરેખર વસંતનો વિજય થાય છે. પ્રકૃતિ અહીં ઉદ્દીપનનું કાર્ય કરે છે. આથી પ્રકૃતિને કારણે આય્રની ઓફ નેચર જન્મે છે. તો વળી નિયતિના અગમ્ય તત્વ પાસે માનવીની અસહાયતા નિરૂપતું આય્રની ઓફ ફેઈટ અને ટ્રેજિક આય્રની 'વસંતવિજય'માં જોવા મળે છે.

'વસંતવિજય'નું કથાવસ્તુ મહાભારતના આદિપર્વમાંથી લેવામાં આવ્યું છે. પાંડુરાજા પોતાની બંને પત્નીઓ કુન્તી અને માદ્રી સાથે ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી, વનમાં વાનપ્રસ્થ ધર્મ સ્વીકારી તપ કરતા હતા. કાવ્યારંભ જ કુતૂહલપૂર્ણ નાટ્યાત્મક સંકુલ અને સૂચક છે. પ્રારંભના શ્લોકમાં Exposition વસ્તુસ્ફોટ થાય છે. માદ્રીની આ ઉક્તિ સમગ્ર રચનામાં કેવી રીતે પડઘાયા કરે છે. તે જૂઓઃ

નહીં નાથ ! નહીં નાથ ! ન જાણો કે સ્હવાર છે !
આ બધું ઘોર અંધારું હજી તો બહુ વાર છે.

આ કાવ્યનો પ્રથમ શબ્દ જ નકારાત્મક છે. એમાં જ આખું કાવ્ય સમાયેલું છે. આમ, પાંડુરાજા તપ કરતાં કરતાં એક વખત વસંતઋતુની અદ્‌ભુત અસરને લીધે હૃદયમાં કામ ઉત્પન્ન થાય છે. નિદ્રાસુખ પામી ન શકતા પ્રભાતે ખુલ્લામાં ફરવાની ઈચ્છા થતાં એ પર્ણકુટીમાંથી બહાર જાય છે, ત્યાંથી કાવ્યનો નાટ્યાત્મક આરંભ થાય છે. ''નહીં નાથ ! નહીં નાથ ! '' શ્લોક જ ચમત્કૃતિયુકત નાટ્યાત્મક આયૃરની, રોમેન્ટિક આયૃરની અને પરિસ્થિતિજન્ય આયૃરનીને મૂર્ત કરે છે. અને ત્યાંથી Falling Action શરૂ થઈને અંતે Denouementમાં પરિણામ આવે છે.

વિચાર કરવા જેવો હવે વખત રહ્યો નહીં,
ઝંપલાવી પડી માદ્રી નરેન્દ્ર-ભુજની મહીં.

પાંડુરાજાએ ગૃહસ્થાશ્રમમાં વાનપ્રસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમમાં ગૃહસ્થાશ્રમની આહુતિ આપી એ એના જીવનની ટ્રેજિક આયૃરની છે. જગત અને સૌન્દર્યનો ત્યાગ કરી તપ અને સંયમનો માર્ગ સ્વીકારનાર પાડુંરાજાના મનમાં સૌંદર્ય અને તપ વચ્ચેનો ઈન્દ્રિયો અને આત્મા વચ્ચેનો સંઘર્ષ કારુણ્ય નીપજાવે છે. આથી ડૉ.ભાયાણી સાહેબ 'વસંતવિજય'ને 'ટ્રેજિક કૃતિ' ગણાવે છે.

'પ્રિયે' માદ્રી એકલી હોવાથી પાસેના ઉપવનમાં 'જરા' ફરવાનું નિમંત્રણ પાડું આપે છે. એ ક્ષણને પકડીને કવિ કાન્ત 'વસંતવિજય' ખંડકાવ્ય આપે છે. માદ્રી પાસે જતો પાંડુ તાપસ મટી ક્ષણાર્ધમાં ભર્તા-સ્વામી બની જાય છે. પાંડુ તપસ્વી છે, વાનપ્રસ્થી છે. પણ અહીં કામેન્દ્રિય મનમાં પ્રવેશી ક્ષણાર્ધ સંક્ષોભ અનુભવ્યો. પણ આ ક્ષણે વસંતનો વિજય કે પ્રકૃતિનો વિજય સાથે વૃત્તિનો વિજય થાય છે. તપ-સિદ્ધાંત વીસરે છે. બીજી બાજુ માનવ હૃદયને ઉદીપ્ત કરતી વસંત-પ્રકૃતિ સૃષ્ટિને મદનરસથી છલકાવી રહી છે. ત્યારે વાનપ્રસ્થી થયેલા પાંડુમાં અનંગ પ્રગટે છે. ત્યાં કાવ્ય પરાકાષ્ઠા (Climax) તરફ ગતિ કરે છે. પાંડુનું માદ્રી પાસે જવું, વસંતનું સામ્રાજય ને એ પળોમાં માદ્રીનું ગાયન – આ બધુ પાંડુને વિવશ કરે છે ત્યારે પાંડુરાજાનો વૃત્તિ પરથી અધિકાર ચાલ્યો જાય છે. એ 'મદોન્મત્ત' બની ચૂકયા છે તો માદ્રી એને રંભા જેવી સૌંદર્યવાન દેખાય છે. વિકાર અસહ્ય બને છે. વિહ્વળતા અસહ્ય બનતાં તો એ સ્પર્શસુખની યાચના કરે છે. પોતાનું તપફલ ચાલ્યું જાય છે. અહીં નિયતિની વક્રતા પાંડુંને હંફાવે છે. ને અંતે હરાવે છે. આથી પાંડુ બોલી ઊઠે છે : 'જાણું બધું, પણ દીસે સ્થિત આ નવીન' જાણતલ હોવા છતાં વિષમ પરિસ્થિતિજન્ય વક્રતામાંથી કરુણ ધ્વનિત થાય છે. અહીં પાડુંની નિર્બળતા એ જ કરુણરસનું ઉપાદાન છે. આમ, પાંડુના પાત્રમાં ટ્રેજિક આયૃરની ઉદ્‌ભવે છે. પાંડુની અપેક્ષા અને પરિસ્થિતિ વચ્ચેનો તીવ્ર કરુણદ્રાવક સંઘર્ષમાં સિચ્યુશનલ આયૃરની જન્મે છે. મનુષ્યમાં સદ્ અને અસદ્ વૃત્તિનો સંઘર્ષ થતો હોય છે. ત્યારે નિયતિ અને પરિસ્થિતિ સદ્વૃત્તિનું જ્ઞાન હોવા છતાં અસદ્ વૃત્તિ તરફ દોરી જાય છે ત્યારે ફિલોસોફિકલ આયૃરનીના દર્શન થાય છે. ખરેખર 'વસંતવિજય' એસ્થેટિક કાવ્ય છે.

કવિ કાન્તે મૌલિક પ્રતિભાથી 'વસંતવિજય' ખંડકાવ્યનું ઘટાદાર વટવૃક્ષ ઉગાડયું. પુરા-કલ્પન (Myth)ને કામે લગાડી આખીય રચનાનું કાઠું ઘડયું છે. 'વસંતવિજય' પંચેન્દ્રિયોનું કાવ્ય છે. દૃષ્ટિ, શ્રુતિ, ગંધ, સ્પર્શ, અને રસેન્દ્રિયનો સમાવેશ આ કાવ્યમાં થાય છે. આમ અહીં મીથ, છંદો વિધાન, અલંકાર, પ્રતીક, કલ્પન, પદાવલી, આયૃરની આદિ ટૅક્નિકના સમર્થ રસાયણથી કલાના રૂપમાં 'વસંતવિજય' ખંડકાવ્ય અવતરે છે. Poetic irony અને Structural ironyના કારણે આ ખંડકાવ્ય ગુજરાતી સાહિત્યનું ઉત્તુંગ શિખર છે.

'અતિજ્ઞાન' શીર્ષક જ સહદેવના ત્રિકાળજ્ઞાનની વિડંબના કરે છે, શાપરૂપ બને છે. જે આયૃરોનિક શીર્ષક છે. કવિ કાન્તએ સહદેવની મન:સ્થિતિને પણ એક મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી રજૂ કરી છે. ભાવિ અનિષ્ટનું નિવારણ જાણતાં હોવા છતાં ત્રિકાળજ્ઞાનનું વરદાન અભિશાપ રૂપે નડે છે. સહદેવ આત્મપીડન અને આત્મતિરસ્કારની લાગણી અનુભવવા લાગે છે. ત્યારે કાન્ત સહદેવની મનોવ્યથા આલેખતાં અશકત અને લાચાર સહદેવ બોલી ઊઠે છેઃ

હા ધિક્ ! હા ધિક્ ! કૃતઘ્ની હું આમ મૌન ધરી રહું :
આવતું વાદળું દેખી મુખથી ન કશું કહું !

આ પંક્તિમાં સહદેવની સેલ્ફ ડિસપેજિંગ ઓફ આયૂરની' (Self disparaging irony) આત્મનિર્ભત્સના પ્રગટે છે. પોતાની જાતને સહદેવ કૃતઘ્ની કહીને પોતાને જ ધિક્કારે છે. ખરી કટોકટી તો દ્રૌપદી શયનગૃહમાં સામે હોવા છતાં સહદેવ તેને સ્પર્શી શકતો નથી. એનું હૈયું ધ્રુજી ઊઠે છે. કયા અધિકારે એ પોતાની પ્રિયતમાને સ્પર્શી ના શકે? સહદેવની વ્યથા જૂઓ:

રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી :
પ્રિયે ! સ્પર્શ કરું હું ? અધીકાર જરા નથી !

આમ, સહદેવને સતત આત્મનિર્ભર્ત્સના પીડે છે. અતિજ્ઞાનના અભિશાપે જાણે સહદેવના હૃદયની સંઘર્ષ કરવાની બધી જ તાકાત હરી લીધી છે. એવી અકથ્ય, અવ્યક્ત વ્યથા સહદેવને અંદરથી કોરી ખાય છે. માણસના હાથમાં કશું જ નથી. બધું વિધિનિર્મિત જ હોય છે. આ વિધિદત્ત કારુણ્ય સહદેવના હૈયાને અકળાવી મૂકે છે. ત્યારે 'આયૂરની ઓફ ફેઈટ' (Irony of fate) જન્મે છે.

અતિજ્ઞાનનો અભિશાપ સહદેવના મસ્તકને વેદનાથી ત્રસ્ત કરી મૂકે છે. એના હૈયાને ચીરતી વેદનાથી સહદેવ આર્ત હૈયે હાય પોકારી ઊઠે છે. કોઈ ઉપાય જડતો નથી. અને અંતે એક ઉપાય હાથ લાગે છે. તે છે જ્ઞાનનાં વિસ્મરણનો. કાવ્યાંતે -

સતી બેભાન શય્યામાં ગંધથી જ પડી ગઈ,
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતીસ સાથે જડી દઈ !

આમ, કાવ્યાંત ભાવક પર છોડી દે છે. ત્યાં 'ડ્રામેટિક આયૂરની' દેખા દે છે. 'અતિજ્ઞાન'માં વસ્તુવિસ્ફોટ, વૃત્તવૈવિધ્ય, ભાવાનુરૂપ છંદપલટા, સુશ્લિષ્ટ વસ્તુગૂંથણી આદિ કૃતિને કલાત્મકતા બક્ષે છે. જે તત્વો 'અતિજ્ઞાન' ખંડકાવ્યને કાવ્યાત્મક આયૂરની રૂપે પ્રગટાવે છે.

'ચક્રવાકમિથુન' કાન્તનું અદ્ભૂત ખંડકાવ્ય છે. જે Mythological Reference વગરનું કાન્તનું ખંડકાવ્ય છે. આ ખંડકાવ્યનું વસ્તુ કલ્પનોત્થ સિદ્ધહસ્ત છે. કાન્તે ચક્રવાક-ચક્રવાકી જેવાં પંખીયુગલની આદર્શ પ્રણયની સુંદર કલ્પના કરી છે. આ પ્રણયમસ્ત યુગલ આખો દિવસ પ્રણયરત રહે છે. જયારે દિવસ આથમે ને રાતનું આગમન થતાં વિરહવ્યાકુળ બની જાય છે. કારણ કે રાત્રે એકબીજાને જોઈ શકતાં નથી. ત્યારે દિવસભર પ્રણયરત્ત રહેલ પંખીયુગલ વિધિની વક્રતા (Cosmic irony)નો ભોગ બને છે.

'ચક્રવાકમિથુન' પક્ષીયુગલની વિરહકથા છે. ચક્રવાક અને ચક્રવાકીના સંવાદનું કાવ્ય છે. પ્રકૃતિ અને પ્રણય તો એના એ જ છે. પણ પરિસ્થીતિગત વક્રતા જુદી છે. નિયતિ અને વ્યક્તિ વચ્ચેના સંઘર્ષ અને માનવજીવનના અંતર્ગત કારુણ્યની કથા છે. આયૂરની ઓફ ફેટ અને ટ્રેજિક આયૂરનીની કથા છે.

'મૃગતૃષ્ણા' ખંડકાવ્યમાં વિધિની ક્રૂરતા સામે આક્રોશ ઠાલવતા કવિ કાન્ત કહે છે :

દીસે છે ક્રૂરતા કેવી કર્તાની કરણી મહી !
ત્રાતા જો હોય, તો આની કેમ સંભાળ છે નહીં?

કવિ કાન્તે 'મૃગતૃષ્ણા'માં કર્તાની કરણીમાં રહેલી ટ્રેજિક વક્રતા અહીં પ્રગટી છે. 'રમા' ખંડકાવ્યમાં કાન્તે સ્ત્રીના જીવનની કરુણતા પ્રગટાવી છે. 'દેવયાની' ખંડકાવ્યમાં પ્રેમપ્રસંગનું નિરૂપણ છે. દેવયાનીના હૃદયમાં થતા સ્નેહોદયની પ્રથમ ક્ષણને કેન્દ્રમાં છે. અને ચંદ્રોદય સાથે સાંકળે છે. અહીં સંજીવનીવિદ્યાનું કથાઘટક છે. આ સંજીવનીવિદ્યા શીખવા માટે જ તો કચ આવ્યો હોય છે. અનેક વિઘ્નો પછી એ પ્રાપ્ત થાય છે. ત્યારે જ એ નિષ્ફળ જશે એવો શાપ પ્રણ્યભગ્ન દેવયાની દ્વારા મળે છે. અહીં પ્રેમ અને સંજીવનીવિદ્યાને જસ્ટાપોઝ કરી નિયતિની વક્રતા જન્માવે છે. પ્રેમનો સ્વીકાર અને સંજીવનીવિદ્યાનો નકાર કરી, પ્રેમ જ અમૃત છે. અમૃત- સંજીવની છે.

કાન્તના ખંડકાવ્યમાં સ્નેહ, સ્નેહીને સુખી કરતાં દુઃખી વધારે કરે છે, એવો નવ્ય ભાવ જોઈ શકાય છે. પ્રેમ અને ધર્મની શોધ કેન્દ્રસ્થાને રહી છે. પ્રણયની તરસ અને અતૃપ્તિનો સંઘર્ષ 'અતિજ્ઞાન', 'વસંતવિજય' અને 'ચક્રવાકમિથુન'માં વિવિધતા અને કલાત્મકતાથી આકારિત થયાં છે. કાન્તના ખંડકાવ્યનો અંત કટોકટીપૂર્ણ ચોટથી આવે છે. તેમના ખંડકાવ્યોમાં લાગણીની પ્રબલતા અને ઉદાત્ત ભાવોનું આલેખન ધ્યાનાર્હ બને છે. તો કાન્તના ખંડકાવ્યોમાં નાટયાત્મક વક્રતા વિશેષ ધ્યાનાકર્ષિત રહી છે. કાન્તના ખંડકાવ્યોમાં કરુણતાનું દર્શન સવિશેષ છે. વિધિવૈષમ્યના કારણે Irony of fate અને પરિસ્થિતિ વૈષમ્યથી Situational irony જન્મે છે.

ફ્યુટિલિટી ઓફ હ્યુમેન એફટ-માનવીય જીવનની વિફલતા-નિસ્સારતા એ કાન્તના ખંડકાવ્યોનો કેન્દ્રસ્થ ભાવ છે. બધું જ અકળ છે. કશું જ આપણાં હાથમાં નથી. કાવ્યે કાવ્યે કરૂણ પરિસ્થિતિઓ ઊભી કરી કાન્ત આ કરુણદર્શન વ્યકત કરે છે. આ અફળતા, નિસ્સારતા અને કરુણ ભાવયુક્ત કથાનક તેઓ જુદા જુદા 'પોઈન્ટ ઓફ વ્યૂ'થી નિરૂપતા જણાય છે. આમ, કાન્તના ખંડકાવ્યોમાં કાવ્યાત્મકતા, નાટયાત્મકતા અને કથનાત્મકતાનો અજોડ સમન્વય થયો છે. કાન્તે ખંડકાવ્યના બાહ્ય અને આંતર સ્વરૂપનું સર્વાંગીણ સુંદર ઘડતર કરી આપ્યું છે.

## પાદટીપ

૧. શ્રેષ્ઠ ગુજરાતી ખંડકાવ્યો, ચિનુ મોદી, સતીશ વ્યાસ, આદર્શ પ્રકાશન, અમદાવાદ, ૧૯૮૫.
૨. આપણાં ખંડકાવ્યો, ધીરુભાઈ ઠાકર, અન્ય સંપાદકો, ગૂર્જર ગ્રંથરત્ન, અમદાવાદ, ૧૯૫૭.
૩. ગુજરાતી ખંડકાવ્યો, મેરુ વાઢેળ, એમ.એમ.સાહિત્ય પ્રકાશન, આણંદ, ૨૦૧૦.
૪. ‘વસંતવિજય’: વૃત્તિવિજયનું કાવ્ય, દર્શના ધોળકિયા, અધીત પર્વ:૬, કાવ્ય સમીક્ષા, પૃ.૧૫૦
૫. ‘ચક્રવાકમિથુન’ કાન્ત, વ્રજલાલ દવે, અધીત પર્વ : ૬ કાવ્ય સમીક્ષા, પૃ.૨૮.
૬. પૂર્વાલાપ, કવિ કાન્ત, સંપાદક : રા.વિ.પાઠક, પ્રકાશક : મુનિકુમાર ભટ્ટ ૧૯૨૩.
૭. કાન્ત : પર્યવલોકન વિશેષાંક, પરબ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અંક : ૫, નવેમ્બર ૨૦૧૭.
૮. ખંડકાવ્ય : સ્વરૂપ અને વિકાસ, ચિનુ મોદી,